# ...માડી તારા આવવાના એંધાણા થયા....

## નવરાતને નગરની ઓળખ સમુ પર્વ બનાવવાના મુળ શેરી ગરબામાં રોપાયા હતા

ગાંધીનગર તા ૨૮ નવદુર્ગાની પુજા અર્ચનાના



નવરાત પર્વમાં ..નવયૌવન સોળે શણગાર સજી ગરબે ધુમવા ઉત્સુક છે. સેકટરોની શેરીઓ વળાવી સજ્જ કરી દેવાઈ છે. જયારે સંસ્થાકીય ગરબા મહોત્સવના આંગણે પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

**સે-૧૬ માં પ્રાથમિક શાળાના ઓટલે નગરમાં પ્રથમ નવરાત્રીની ઉજવણી થઈ હતી : સ્થાનિક કલાકારો જ સ્ટેજ સંભાળી લેતા હતા**

સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપતી નવરાત પર્વની ઉજવણી નગરની ઓળખ બની ગઈ છે. ત્યારે નગરમાં નવરાત પર્વની શરૂઆતના પાયામાં જ અનોખી સાંસ્કૃતિક ચેતના જગમગતી જોવા મળે છે. ભુતકાળના વર્ષોમાં ડોકીયુ કરીએ તો છેલ્લા ચાર દાયકાથી નગરમાં વિશિષ્ટ રીતે ઉજવાતા નવરાત્રિ પર્વમાં શકિતની ભકિત સાથે પારિવારિક માહોલમાં કલા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળી રહયો છે. સેકટરોની શેરીઓમાં હાલ પણ ગરબાની રમઝટ જામે છે. જયારે સંસ્થાકીય ગરબા મહોત્સવની ઉજવણી પણ આકર્ષણનુ કેન્દ્ર બની છે. એક જમાનામાં સેકટરોમાં યાજાતા શેરી ગરબામાં અનોખો દિવ્ય અને ભવ્ય માહોલ જોવા મળતો હતો. શેરી ગરબામાં ભારતના નકશાની પ્રતિકૃતિ જોવા મળતી હતી...સ્થાનિક કલાકારોની રંગત અને સંગત સાથે સેકટરોની સરકારી વસાહતમાં સમયની પાબંદી વિના ઢોલના ઢબકારે સવાર સુધી ચપટી તાળી અને ઠેસ સાથે ગરબાની રમઝટ જામતી હતી. સે-૨૦,૨૯,૨૧,૨૨ અને ૧૭ માં શેરી ગરબાની અનોખી રોનક જોવા મળતી હતી.



સેકટરવાસીઓના સહયોગ અને ટીમવર્કથી યોજાતા શેરી ગરબામાં તત્કાલીન રાજયપાલ પણ ગરબાની રમઝટ માંણતા હતા. સેકટરોની શેરીઓમાં ગુજરાતી ફિલ્મ તેમજ ટીવી સીરિયલના કલાકારો પણ ગરબે ઘુમતા હતા. જયારે શેરી ગરબાના વિશાળ ગરબા મેદાન વચાળે સ્ટેજ પરથી દિવાળીબેન ભીલ ,મણિરાજ બારોટ અને રતનસિંહ વાઘેલા જેવા નામી કલાકારો પણ સુરીલા સુર તાલ સાથે ગરબા પ્રેમીઓને મોજ કરાવતા

**આ છે ગાંધીનગરના ગરબાનો ઈતિહાસ**

હતા. મર્યાદિત બજેટ વચ્ચે સમયની પાબંદી ન હોવાથી ગરબા પ્રેમીઓ મન મુકીને નવરાત પર્વની મજા માણતા હતા. ગાંધીનગરને સાંસ્કૃતિક નગરીની ઓળખ આપવામાં શેરી ગરબાનુ પાયાનુ યોગદાન છે. શેરી ગરબા થકી નિખરેલી કલા અને સાંસ્કૃતિક ચેતના આજે સંસ્થાકીય ગરબા મહોત્સવમાં વધુ ભાતીગળ અને ભવ્ય જોવા મળે છે.

નવદુર્ગાની નવલી નવરાત નજીકમાં છે. નવદુર્ગાની પુજાઅર્ચના સાથે નવયૌવન ગરબે ધુમવા ઉત્સુક બન્યુ છે. હાઈટેક બનતા ગાંધીનગરમાં સમય જતા ગરબા મહોત્સવની ઉજવણી અલ્ટ્રામોર્ડન બની છે. શેરી ગરબાની સાથે છેલ્લા દોઢ દાયકાથી નવરાતની ઉજવણીએ સંસ્થાકીય સ્વરૂપે વધુ ભવ્ય બની છે. જો કે ગાંધીનગર શહેર અસ્તિત્વમાં આવ્યુ તે પહેલાથી જ અહીં નવરાતની ઉજવણીના શ્રી ગણેશ મંડાયા હતા. હાલ સે-૨૮ તરીકે ઓળખાતા વિસ્તારમાં ૧૯૭૦ના દાયકા પુર્વે માતાજીની માંડવી મુકી કન્સ્ટ્રકશન સ્ટાફના માણસો ગરબે ધુમતા હતા. તે વેળાએ આ વિસ્તારમાં લાઈટ પણ ન હતી. ત્યારબાદ ૧૯૭૦ ના દાયકામાં શહેરમાં સે-૧૬ ખાતે પ્રથમ નવરાત્રીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.



સેકટરની પ્રાથમિક શાળાના ઓટલે નવરાતના પ્રથમ ચાર દિવસ સાંસ્કૃતિક કાર્યક્રમ અને છેલ્લા પાંચ દિવસ ગરબાની રમઝટ જામતી હતી.

શહેર વસાહત મહામંડળના સહયોગથી ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે ઉદય શુકલ સહીતના સ્થાનિક કલાકારો નવરાત દરમિયાન ગાયકી અને વાંજીત્રો વગાડવાની સેવા વિનામુલ્યે

**શેરી ગરબામાં માતાજીની ભકિત વંદના સાથે અનોખો પારિવારિક માહોલ જોવા મળતો હતો. મર્યાદિત બજેટ હોવાછતા સમયની પાબંદી ન હોવાથી ગરબા પ્રેમીઓ મનભરીને ગરબાની મજા માંણતા હતા**

સેવા પુરી પાડતા હતા.

પ્રથમ નવરાતનુ તત્કાલીન રાજયપાલના સલાહકાર ડી સતારાવાલાએ ઉદઘાટન કર્યુ હતુ. ત્યારબાદ સેકટરમાં નવરાતની ઉજવણી પ્રતિવર્ષ વધુ ભવ્ય બનતી ગઈ હતી. એક સમયે તત્કાલીન રાજયપાલ શારદા મુખર્જીએ પણ સેકટરના ગરબા મહોત્સવની મુલાકાત લીધી હતી. જયારે સેકટરની બાળકીઓને રાજભવન બોલાવી ગરબે ધુમવાનુ આયોજન કર્યુ હતુ. સેકટરમાંથી ઘરદીઠ એક કે બે રૂપિયાનો ફાળો મળતો હતો.

આ ઉપરાંત આસપાસના કોલવડા , ઉવારસદ તેમજ વાવોલના શ્રીમંતો પણ નવરાતના આયોજનમાં આર્થિક સહયોગ આપતા હતા.

● વધુ આવતીકાલે

**સે-૨૦માં શેરી ગરબાની રમઝટ સાથે ભારતના નકશાની પ્રતિકૃતિ જોવા મળતી હતી...સે-૨૯માં તત્કાલીન રાજયપાલ પણ ગરબામાં જોડાયા હતા : ફિલ્મી કલાકારો પણ સેકટરોની શેરીઓમાં ગરબે ઘુમતા હતા**

# નવરાત્રી માટે યુવાનોમાં છલકાતો ઉત્સાહ

નવલી નવરાતને ગણતરીના કલાકો બાકી રહ્યા છે. શહેર આખુ નવરાત્રિના રંગે રંગાઈ ગયું છે. યુવાવર્ગ ખેલૈયાઓ માતાજીના ચાચર ચોકમાં થનગનવા માટેની મોટાભાગની તૈયારીઓ પૂર્ણ કરીને બેઠા છે. શહેરમાં નવરાત્રિને અનુલક્ષી અનોખી ચેતના પ્રગટી હોય તેવુ લાગી રહ્યું છે. નાના બાળકોથી લઈ વયોવૃદ્ધ સૌ કોઈ ગરબે ઘૂમીને માતાજીની આરાધના કરવા માટે તત્પર છે. શહેરના ગરબા ક્લાસીસમાં છેલ્લી ઘડીની પ્રેકટીસ માટે ખેલૈયાઓ તનતોડ મહેનત કરી રહ્યા છે. ત્યારે આવો જાણીએ શહેરના યુવા વર્ગનું નવરાત્રિ પ્રત્યેના પ્રતિભાવો તેમના શબ્દોમાં...

**● સ્વીટી પટેલ**

હું ક્લાસ વન અને ટુ ની તૈયારી કરૂ છુ. પરંતુ નવરાત્રી આવતા જ મારૂ ધ્યાન નવરાત્રીમાં આવી જાય છે. મને નવરાત્રીનો તો ખુબ શોખ છે.



આ વર્ષે મે ગરબા ક્લાસીસમાં જઈને ગરબા શીખવા માટે ખુબ જ મહેનત કરી છે. આ વખતે નવરાત્રિ માટે મે સ્પેશ્યીલ કચ્છી ડ્રેસ તૈયાર કરાયો છે. મેં ગરબામાં વિવિધ ઈનામો પણ જીત્યા છે. નવરાત્રિમાં મારા મમ્મી અને મારા બહેન બધા સાથે મળીને ગરબા મેદાનમાં અવનવી સ્ટાઈલમાં ગરબે ઘૂમીને માતાજીની આરાધના કરીએ છીએ.

**● નીલકંઠ દિક્ષિત**



મને ગરબાનો ખુબ જ શોખ છે. અન્ય તહેવારો કરતા નવરાત્રિ મારો ફેવરીટ તહેવાર છે. દર વર્ષે હું અવનવી સ્ટાઈલ અને સ્ટેપ્સ સાથે ગરબે રમુ છુ. આ વર્ષે મેં ભરવાડી તેમજ ગોરવાડી પ્રકારના ડ્રેસમાં પથ્થર, કાચ અને કોડીયાનો ઉપયોગ કરી ખુબ આકર્ષક ડ્રેસ તૈયાર કર્યો છે. ગરબે ઘુમવા માટે જે એનર્જી વપરાય છે તેનાથી પણ વધુ એનર્જી માતાજીની દયાથી પરત આવી જાય છે. ગરબા રમ્યા બાદ થાક અનુભવાતો નથી.

**● દિવ્યાંગ નાયક**

હું છેલ્લા દસ વર્ષથી ગરબા રમુ છુ. ગરબા રમવાનો મને ખુબ જ શોખ છે. નવરાત્રિ આવતાની સાથે જ મારા પગ ગરબે ઘુમવા થનગની ઉઠે



છે. દર વર્ષે હું અને મારા ગ્રુપના મિત્રો નવી સ્ટાઈલમાં ગરબે રમીએ છીએ. જેમાં આ વર્ષે રાજસ્થાની ઘુમર છે. આ સ્ટાઈલમાં ગરબા રમતા ખેલૈયાઓને જોવાની અન્ય નગરજનોને પણ ખુબ મજા પડશે. નવરાત્રિમાં રોજ વિવિધ ડ્રેસ અને આભુષણો પાછળ અંદાજે ૧૦ થી ૧૫ હજારનો ખર્ચ થાય છે. પરંતુ ગરબાનો શોખ હોવાથી આ ખર્ચ નહીવત લાગે છે. અમે તો સૌ મિત્રો મળીને ગરબે ઘુમીને મા અંબા જગદંબાની આરાધના કરીએ છીએ.

**● શૈલેન્દ્રકુમાર**

હું છેલ્લા ૧૪ વર્ષથી ગરબા રમુ છુ. હું પોતે જ્યોતિષ છુ અને મને નવરાત્રિનો ખુબ શોખ છે અને માતાજીના ચાચર ચોકમાં ગરબે રમીને માતાજીની આરાધના કરૂ છુ. મારે બે બાળકો છે છતા પણ હું આ ઉમંરે મારા બાળકો સાથે સહેજ પણ શરમાયા વગર ગરબા મેદાનમાં ગરબે ઘુમુ છુ. નવરાત્રિમાં શહેરની બહાર ક્યાંય પણ જતો નથી અને નવરાતના તહેવારની પરિવાર સાથે ઉત્સાહપૂર્ણ ઉજવણી કરૂ છુ.



**● દિપિકા ભાટી**



ગરબા એ મારો શોખ છે. હું ગરબામાં બહુ જ એન્જોય કરૂ છુ. મારા પરિવાર અને ફ્રેન્ડસ સાથે ગરબે ઘૂમીને માતાજીની આરાધના કરીને ફીટ રહ્યું છુ. છેલ્લા ચાર વર્ષથી ગરબા રમુ છુ. નવરાત્રિ આવતા મને વિવિધ ડ્રેસ અને આભુષણોની ખરીદી કરવાની ખુબ મજા પડે છે.

**● હિરલ શાહ**

હું વર્ષ દરમિયાન નવરાત્રિ પર્વની ખાસ આતુરતાપૂર્વક રાહ જોતી હોઉ છુ. નવરાત્રિને આડે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે અમે ગરબા મેદાનમાં સારૂ પર્ફોર્મ્સ કરવા ખુબ મહેનત કરી રહ્યા છીએ. નવરાત્રિને અનુલક્ષીને ખરીદી પણ કરી લીધી છે. અમે ફ્રેન્ડસ નવરાત્રિની રાહ જોઈને બેઠા છીએ. ક્યારે ગરબા મેદાનમાં જઈને ધૂમ મચાવીએ.



**● સહદેવ**



હું છેલ્લા બે મહિનાથી ગરબાની પ્રેકટીસ કરીને પસીનો વહાવી રહ્યો છુ. અવનવા સ્ટેપ્સ સાથે સ્પેશિયલ હુડો, દોઢીયુ અને વિલંબિત રાસ શીખીને નવરાત્રિમાં રમવા માટે થનગની રહ્યો છુ. નવરાત્રિ માટે મેં મારી નોકરીના ટાઈમમાં પણ ખાસ સાહેબને કહીને ફેરફાર કરાવ્યો છે. ગરબે રમીને જે આનંદ મળે છે તે હકીકતમાં હુ શબ્દોમાં વ્યક્ત કરી શકુ એમ નથી.

**● મહર્ષિ ઠાકર-ક્ષમા ઠાકર**



નવરાત્રિમાં મા અંબાના ચાચર ચોકમાં ગરબે ઘુમવાનો શોખ અમને બંને ભાઈ-બહેનને પહેલેથી જ છે. ગરબા રમવાથી અનોખી ઊર્જા મળે છે. ગરબે ઘુમતા હોઈએ છીએ ત્યારે માતાજી પણ ચાચર ચોકમાં રમતા હોય તેવી અનુભૂતિ થાય છે. નવરાત્રિમાં ગુજરાતીઓની સાંસ્કૃતિક અને ધાર્મિક શક્તિનો સમન્વય સર્જાય છે. એક દશકાથી ગરબા રમીએ છીએ. અવનવી સ્ટાઈલ અને સ્ટેપ્સ અનેક પ્રોત્સાહન ઈનામો પણ જીતી ચૂક્યા છે. અત્યારે નવરાત્રિને આડે રહેલા ગણતરીના કલાકો ક્યારે પસાર થાય તેની રાહ જોઈને ભાઈ-બહેન બેઠા છીએ.

## અમદાવાદ ખાતે ૨૮મી બાળ સાહિત્ય શનિસભા યોજાશે

ગુજરાતી ભાષાના વિકાસ માટે સ્થપાયેલી માતૃભાષા અભિયાન સંસ્થા દ્વારા આગામી તા. ૧ ઓક્ટોબરને શનિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે વી.એમ.એસ. ચિત્રકૂટ ફ્લેટસ, આશ્રમ રોડ, નવરંગપુરા-અમદાવાદ ખાતે ૨૮મી બાળ સાહિત્ય શનિસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં બાળ સાહિત્યના લેખક કિશોરભાઈ પંડયા 'સાચી ભાઈબંધી' બાળવાર્તા અને યશવંતભાઈ મહેતા પોતાની અપ્રકાશિત બાળવાર્તા મૌલિક કૃતિ રજૂ કરશે. આ ઉપરાંત બાળ સાહિત્યના અન્ય લેખકો પણ પોતાની અપ્રકાશિત કૃતિઓની ચર્ચા કરશે. આ બાળસાહિત્ય શનિસભામાં બાળ સાહિત્યના તમામ પ્રકારો રજૂ કરવામાં આવશે. બાળ સાહિત્યના લેખકોના સર્જનમાં વેગ મળે તથા એનું સંવર્ધન થાય તેનું સમુહમાં મૂલ્યાંકન થાય તે આશયથી શનિસભાનું દર માસના પહેલા અને ત્રીજા શનિવારે આયોજન કરાય છે.

## આજે અમદાવાદ ખાતે સુંદરકાંડ પાઠ યોજાશે

દવે પરિવાર દ્વારા તા. ૨૯ સપ્ટેમ્બરને ગુરુવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે જે-૧૩, પાર્ટ-૧, સાયોના સીટી, આર.સી. ટેકનીકલ રોડ-ઘાટલોડીયા અમદાવાદ ખાતે યુવા કથાકાર ભારતીબાપુની વ્યાસપીઠે ભવ્ય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા નગરજનોને જણાવાયું છે.

**નામ બદલેલ છે**

મે મારું નામ ભટ્ટ રીંકુ ભુપેન્દ્રકુમાર હતું તે બદલીને ભટ્ટ રીધ્ધી ભુપેન્દ્રકુમાર રાખેલ છે.

સરનામું : ૧૫૫ - પ્રભુદીપ, સહકાર કોલોની, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪



નવરાત્રી નજીક આવતા ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે. બાળકો તો ખુબ જ ખુશખુશાલ થઈ ગયા છે. સેકટરોના કોમન પ્લોટમાં બાળકો ગબ્બર બનાવવામાં વ્યસ્ત બન્યા છે.

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

મધુર ડેરી, ઈલેક્ટ્રોનીક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર - ૩૮૨૦૨૩
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ ૨૩૨૮૭૧૪૦

**સંસ્થાના વર્ષ : ૨૦૧૬-૧૭ના કેલેન્ડર પ્રિન્ટીંગ કરી સપ્લાય કરવાનો અને સંસ્થાની વર્ષ-૨૦૧૭ની ડાયરી અને દિવાળી કાર્ડ છપાવવાનો કોન્ટ્રાક્ટ આપવાનો છે.**

**કેલેન્ડર વિગત :** સવંત ૨૦૭૩ (વર્ષ ૨૦૧૬-૧૭) માટેના, નમુના મુજબના, કેલેન્ડર આશરે ૬૦,૦૦૦ (સાઈઠ હજાર) છાપી તૈયાર કરી, સપ્લાય કરી આપવાના કોન્ટ્રાક્ટ માટે કેલેન્ડરની માહિતી તેમજ ટેન્ડર ફોર્મ ફી રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) રોકડા, સંસ્થાના હિસાબ વિભાગમાં ભરીને, જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી તા. ૫/૧૦/૨૦૧૬ સુધીમાં રૂબરૂ મેળવી લેવાના રહેશે. ટેન્ડર સાથે રૂ. ૨૫૦૦૦/- (રીફંડેબલ)નો ડી.ડી. ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના નામનો બીડીને, ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં 'કવર ઉપર કેલેન્ડરના ભાવ / ઓફર લખીને' તા. ૬/૧૦/૨૦૧૬ના બપોરના ૩-૦૦ કલાક સુધીમાં રૂબરૂમાં પહોંચાડવાના રહેશે.

**ડાયરીની વિગત :** અત્રેની સંસ્થાને, અમારા નમુના મુજબની તથા નીચેની સાઈઝમાં ભાવ / ઓફર ૨૦૦૦ (બે હજાર) નંગ ડાયરી (કવર સાથે) જરૂરીયાત હોઈ, ડાયરી છાપવા માટેના આપના ભાવ / ઓફર તા. ૬/૧૦/૨૦૧૬ સુધીમાં અત્રેની સંસ્થામાં સીલબંધ કવરમાં, કવર ઉપર 'ડાયરી છાપવાના ભાવ / ઓફર' લખીને રૂબરૂમાં પહોંચતા કરવા આથી જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| સાઈઝ | - | ૬.૮૮૯.૩૦ |
| કુલ પેઈઝ | - | ૩૯૬ (ટાઈટલ પેઈઝ સિવાય) |
| ટાઈટલ | - | મલ્ટી કલર ૧૭૦ G.S.M. આર્ટ પેપર, થર્મલ મેટ લેમીનેશન |
| ફોર કલર | - | ૩૦ પેજ, ૧૩૦ G.S.M.આર્ટ પેપર |
| અંદરના પેઈઝ | - | ૬૫ G.S.M. પેપર |
| બાઈન્ડીંગ | - | પાકુ બાઈન્ડીંગ |

**દિવાળી કાર્ડની વિગત :**

| | | |
|---|---|---|
| દિવાળી કાર્ડ | - | ૨૦૦૦ નંગ (કવર સાથે) |

ઉક્ત ભરેલ ભાવ કે ઓફર સ્વીકારવા કે નહીં સ્વીકારવા અંગે મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો અબાધિત અધિકાર રહેશે.

**નોંધ : કેલેન્ડર, ડાયરી અને દિવાળી કાર્ડનો નમુનો રૂબરૂમાં જોવા મળશે.**

**મેનેજીંગ ડીરેક્ટર**